**GJBK040035112022**

**REGISTER OF CASES TRIED BY DEESA MAGISTRATE OF IN A SUMMARY WAY UNDER CHAPTER XXII OF THE CODE OF CRIMINAL PROCEDURE (ACT X OF 1882)**

**Criminal/Summary Case No: 2634/2022**

**Exh :**

1. Date of the Commission of the offense : 21/8/2022
2. Date of report or complaint : 21/8/2022
3. Name of complaint with parentage, age place of residence etc. : **THE STATE**
4. Name, parentage, age and place of residence etc. of the accused person. **અર્જુનભાઈ મોડાણજી સોલંકી(ઠાકોર)**
   ઉ.વ.આ.૨૨, ધંધો: મજુરી,
   રહે.કાંટ , તા.ડીસા,
   જિ.બનાસકાંઠા.
5. (a)Offence complained of : બોમ્બે /ગુજરાત પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી),

   (b)Offence proved

   (c)Value of stolen property

   (d)Accuser's plea and examination, if any

સવાલ : તમોને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળેલ છે ?

જવાબ : જી, હા.

સવાલ : તમોને આ કામના આંક–૧ ચાર્જશીટમાં બતાવ્યા મુજબનો ગુન્હો વાંચી સંભળાવતા તમોને ગુન્હો કબુલ છે?

જવાબ : હા જી. મને ગુન્હો કબુલ છે, હું ગરીબ મજુર માણસ છું. કુટુંબની જવાબદારી મારા ઉપર છે જેથી મારા ઉપર રહેમ રાખવા અરજ છે.

------------------------------

મારા રૂબરૂ,

સ્થળ: ડીસા.
તા.૦૪/૧૦/૨૦૨૨

**(ઈન્દ્રજીતસિંહ ભાટી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ડીસા
Code No.-GJ01334.

(૬) આ કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ છે. આજરોજ લોક અદાલતમાં આરોપી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે.

આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી સમરી ફોર્મ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગથી કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક, કાયદા મુજબની જણાય છે. મે તેઓને ગુનાની કબુલાતના પરીણામ અંગે તેમજ કાયદામા સજાની જોગવાઈ અંગે જણાવેલ છે. તેમ છતાં તેઓ કબુલાતને વળગી રહેલ છે અને રહેમદ્રષ્ટિ રાખવા વિનંતી કરેલ છે.

(૭) આરોપી સામે બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) મુજબના સામાન્ય ગુન્હાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ/ મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે.

(૮) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્ર“ ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રુપિયા એકસો પુરા)નો દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી ઉપરોકત ગુન્હામાં દંડ ન ભરે તો દિન–૧૦ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તો તે દિવસો ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ બાદ આપવા.

(૪) જો સદર કામે મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય તો તેનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ડીસા.
તા.૦૪/૧૦/૨૦૨૨

**(ઈન્દ્રજીતસિંહ ભાટી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ડીસા
Code No.-GJ01334.